**કેળવણીના કિનારે : ડૉ.અશોક પટેલ**

# કોલેજ કરતી બહેનોને મેટરનીટીની રજા આપવી જોઇએ ?

હમણાં બે દિવસ પૂર્વે એક ટી.વી. ચેનલ પર ફાઇન આર્ટ્સમાં અભ્યાસ કરતી એક બહેન કે જેઓ મેટરનીટીની રજા માંગી રહ્યાં છે તેમની સાથે મુલાકાત થઇ. આ બહેન ફાઇન આર્ટ્સના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહ્યાં છે. આ છેલ્લા વર્ષના પ્રથમ સત્રમાં તેઓ ચાર-પાંચ માસ કોલેજમાં આવી શક્યા નથી. હવે તેમની માંગણી એવી છે કે, મને માતૃત્વ પ્રાપ્ત કરવાનો હક્ક છે, તેને ધ્યાનમાં રાખી માનવતાના ધોરણે મને રજા મળવી જોઇએ. હા... તે બહેન પોતાના એસાઇન્મેન્ટ કે અન્ય નોટ્સ લખીને કોલેજને આપવા તૈયાર છે. પણ તેમની કોલેજમાં પૂરતી હાજરી નહીં હોવાથી પરીક્ષામાં બેસવા દેવાનું ફોર્મ કોલેજે અટકાવ્યું છે. ત્યારે પ્રશ્ન કોલેજ અને બહેનશ્રી બંને માટે ઊભા થયા છે. બહેનની માંગણી છે કે, તેને પરીક્ષામાં બેસવા દેવા જોઇએ, એટલું જ નહીં પણ તેમના જેવી અન્ય બહેનોને પણ ભવિષ્યમાં આ લાભ આપવો જોઇએ. જ્યારે કોલેજ કહે છે કે, અમારી આ કોલેજ તાલીમી કોલેજ છે. જેમાં સરકારે નક્કી કરેલી હાજરી પૂરતી થઇ ન હોવાથી અમે પરીક્ષામાં બેસવા દેવાનું ફોર્મ ભરીને સરકારને આપી ન શકીએ. હવે સમાજ, સરકાર, શિક્ષણ અને બહેનો માટે પ્રશ્ન એ ઊભો થાય છે કે, આવી બાબતમાં શું નિર્ણય લેવો જોઇએ ? જે નિર્ણય તટસ્થતાથી ભરેલો હોય.

સ્વાભાવિક છે કે, દરેક સ્ત્રીને માતૃત્વ પ્રાપ્ત કરવાનો હક્ક છે, ઉપરાંત બહેનો ભણીને આગળ આવે તેમાં સમાજની પ્રગતિ પણ છે. તો બીજી બાજુ જે તાલીમી કોલેજો છે કે જેમાં વિદ્યાર્થીએ માત્ર જ્ઞાન પ્રાપ્ત નથી કરવાનું પણ કૌશલ્ય પ્રાપ્ત કરવાના છે, ત્યાં શું આવી છૂટ આપવાથી વિદ્યાર્થી અને શિક્ષણ બંનેનું હિત સચવાશે? હા...સામાન્ય કોલેજ હોય કે જ્યાં કૌશલ્ય પ્રાપ્તિની વાત બહુ આવતી નથી અને વિદ્યાર્થીએ વાંચીને જ્ઞાન મેળવીને પરીક્ષા પાસ કરીને આગળ વધવાનું હોય ત્યાં આવી છૂટ આપવામાં કોઇ જ વાંધો નહીં આવે. કારણ કે એવા અભ્યાસક્રમો ઓપન યુનિવર્સિટી પણ ચલાવતી હોય છે. પણ ડોકટર કે શિક્ષકના અભ્યાસક્રમમાં માત્ર વાંચીને પરીક્ષા આપીને જો વ્યવસાયમાં દાખલ થવાનું હોય તો તે બાબત સમાજ અને વિદ્યાર્થી એમ બંને માટે ખૂબ જ નુકશાનકર્તા છે. આ બાબતને સારી રીતે સમજવા એક ઉદાહરણ પૂરતું છે. જેમકે, કોઇ વ્યક્તિને પાણીમાં તરતાં આવડતું નથી. આપણે તેને તરવા માટેનું જ્ઞાન આપીએ કે, ભાઇ તરવા માટે પાણીમાં પડયા પછી હાથપગ હલાવવાના હોય છે. હવે આ જ્ઞાન સાથે કોઇ વ્યક્તિ પાણીમાં કૂદશે તો શું તે પાણીમાં તરી શકશે ? બસ આ બાબતની જેમ જ ડોક્ટર કે શિક્ષકના વ્યવસાયની વાત છે. મેડિકલના કોઇ વિદ્યાર્થીને દર્દીનું ઓપરેશન કેવી રીતે કરાય તે મૌખિક રીતે શીખવવામાં આવે કે તે વિદ્યાર્થી ચોપડીમાંથી વાંચીને શીખી લે પછી કોઇ દર્દીનું ઓપરેશન કરે તો ? તેવી જ રીતે શિક્ષક બનવા માંગતી વ્યક્તિ વર્ગખંડમાં કેવી રીતે ભણાવાય તે પોતાના ઘેર વાંચી લે અને પછી તેને શિક્ષક બનાવવામાં આવે તો ? અન્ય રીતે જોતાં શિક્ષકનો વ્યવસાય ડોક્ટરના વ્યવસાય કરતાં પણ અઘરો છે. કારણ કે, ડોક્ટરના વ્યવસાયમાં સૌથી અઘરું કામ દર્દીનું ઓપરેશન કરવાનું છે. પણ આ કામ કરવા માટે ડોક્ટર દર્દીને સૌ પ્રથમ બેભાન કરે છે. જ્યારે શિક્ષકે દરેકે દરેક ક્ષણ જીવંત વિદ્યાર્થી સાથે કામ

કરવાનું છે. જેમાં વિદ્યાર્થી એક પણ સેકન્ડ માટે અસ્વસ્થ હોય તો પણ તેની અસર તેના અભ્યાસ પર થાય છે. શિક્ષકે વર્ગખંડમાં ભણાવતા પહેલાં અનેક બાબતો વિચારવાની હોય છે. જેમકે શું શીખવવું ? શા માટે શીખવવું ? કેવી રીતે શીખવવું ? ક્યારે શીખવવું ? કેટલું શીખવવું વગેરે. એટલું જ નહીં ડોકટરે તો એક રોગ માટે બધા જ દર્દીઓમાં સમાન દવા, સમાન સાધનો સાથે સમાન પ્રક્રિયા કરવાની હોય છે. જ્યારે શિક્ષકે તો એક જ બાબત શીખવવા માટે જુદા જુદા વિદ્યાર્થીઓમાં જુદી જુદી ઝડપ અને જુદા જુદા પ્રકારના સાધનો સાથે જુદી જુદી પ્રક્રિયા કરવાની હોય છે. ઉપરાંત ડોક્ટર માટે બધાં જ દર્દીઓના શરીરની આંતરિક રચના સમાન હોય છે. જ્યારે શિક્ષક સામે જેટલા વિદ્યાર્થી હશે તેટલાના શરીર અને મનની શક્તિ જુદી જુદી! માટે જ આ બાબતોમાં નિષ્ણાત થવા માટે માત્ર વાંચન કામ ન આવે. તે માટે પ્રત્યક્ષ તાલીમ લેવી પડે, વ્યવસાય સ્વીકારતા પૂર્વે પૂરતા અનુભવો મેળવવા પડે. માટે જ પૂરતી તાલીમ લીધા સિવાય કોઇ વ્યક્તિ શિક્ષક કે ડોક્ટર જેવા વ્યવસાયમાં માત્ર વાંચીને જ આવવા માંગતા હોય તો તેમને અટકાવી દેવા જોઇએ. જો આવી છૂટ કોઇ ભાઇ કે બહેનને ગમે તે કારણસર આપવામાં આવશે તો ત્યાં એક વ્યક્તિનું હિત સચવાશે, પણ સામે સમાજના અનેક વ્યક્તિનું હિત જોખમાશે. સમાજના આ અનેક વ્યક્તિઓ પણ ભાઇ અને બહેન જ હોય છે ને ? લાગણીમાં આવીને કોઇ વ્યક્તિને શોર્ટકટ અપનાવવા દઇને શિક્ષક બનાવીશું તો તે વ્યક્તિને ફાયદો થશે, પણ તેના હાથ નીચેથી પસાર થનાર હજારો હજારો વિદ્યાર્થીઓનું ભાવિ બગાડશે તેનું શું ?

અહીં પેલો પ્રશ્ન તો ઊભો જ રહે છે કે, કોલેજમાં અભ્યાસ કરતી બહેન ૨૨-૨૫ વર્ષની હોય તો તેના માતૃત્વના અધિકારનું શું? તો તેનો પણ ઉપાય છે. અહીં બે રસ્તા છે. આવી પરિસ્થિતિ જે બહેનો માટે સર્જાય તેમણે અભ્યાસ અને માતૃત્વ એ બે બાબતમાંથી એક બાબતને અગ્રતા આપવી પડે. જે બહેનો અભ્યાસ દરમિયાન માતૃત્વ પ્રાપ્ત કરવા ઇચ્છતી હોય તે ભલે તે અધિકારનો ઉપયોગ કરે, પણ પરીક્ષા પૂરતી તાલીમ લીધા પછી બીજા વર્ષે આપે. અહીં તેમનું ભવિષ્ય બગડવાનું નથી. હા... તેઓ અભ્યાસમાં એક વર્ષ પાછળ પડશે. જે બાબત જે તે બહેન અને સમાજ બંને માટે સારી છે. કારણ કે, એક વર્ષ પછી તે બહેન પૂરતી તાલીમ અને અનુભવ લઇને જો વ્યવસાયમાં આવશે તો તેમાં તેમનો વિકાસ સારી રીતે થયેલો હશે અને ભવિષ્યમાં થશે, ઉપરાંત સમાજને પણ એક સક્ષમ વ્યક્તિ મળશે. જો કોઇ બહેન અભ્યાસ-તાલીમને અગ્રતા આપવા માંગતા હોય તો તેમાં પણ કશું જ ખોટું નથી. અભ્યાસ પૂર્ણ કરીને બીજા વર્ષે માતૃત્વનો અધિકાર ક્યાં નથી મેળવી શકાતો? પણ કઇ બાબતને અગ્રતા આપવી તેનો આધાર નિર્ણય લેનાર અને જરૂરિયાત પર છે. પણ માતૃત્વ માટે તાલીમી કોલેજમાંથી છૂટ આપવી તે સમાજ અને શિક્ષણના હિતમાં સ્વીકાર્ય બાબત નથી. પૂરતી તાલીમ કે અનુભવ વગર લાગણીમાં આવીને જો આવી છૂટ આપવામાં આવે તો તેઓ જ્યારે વ્યવસાય કરવા સમાજમાં આવશે ત્યારે તેમના દ્વારા સમાજના હજારો જ નહીં પણ લાખો લોકોનું હિત જોખમાશે. સમાજ વધુ પાંગળો બનશે. અહીં વિદ્યાર્થી કદાચ પોતાના હિત માટે વિચારે, પણ નિર્ણય કરનારે તટસ્થતા દાખવવી પડે. આ પ્રશ્ન માત્ર વહિવટનો જ નથી, હકિકતમાં આ પ્રશ્ન શૈક્ષણિક છે અને શિક્ષણનું કામ વ્યક્તિ અને સમાજનો સર્વાંગી વિકાસ કરવાનું છે નહીંકે એકપક્ષીય વિકાસ કરવાનો..